રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઈ-ન્યૂઝલેટર અંક નં. ૨૮ ઓગષ્ટ-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ



## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ઉજવણી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણી શહેરના જુદા જુદા વોર્ડમાં યોજવાની પરંપરા છે અને આ પ્રસંગે અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, ખાતમુહૂર્ત, લોકાર્પણ, સર્વરોગ નિદાન કેમ્પ વિગેરે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ, ચાલુ વર્ષે કોરોના વૈશ્વિક મહામારીને કારણે આજ ૧૫મી ઓગસ્ટ–૨૦૨૦ના રોજ ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રાજ્ય સરકારની સુચનાનુસાર કરવામાં આવેલ. આ પ્રસંગે રાષ્ટ્રધ્વજ સલામી સમારોહમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. અને સુરક્ષા વિભાગના અને ફાયર બ્રિગેડના જવાનો દ્વારા પરેડ યોજવામાં આવેલ હતી.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, સ્ટે. કમિટી જાગૃતિબેન ઘાડીયા, શ્રી જ્યોત્સના––બેન ટીલાળા, શ્રી વર્ષાબેન રાણપરા, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી કિરણબેન સોરઠીયા તેમજ અધિકારી શ્રી ડે. કમિશનર શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. આર. સિંહ, શ્રી સી. કે. નંદાણી, મ્યુનિ. સેક્રેટરીશ્રી હરીશ રૂપારેલીઆ, વિજીલન્સ સુરક્ષા અધિકારીશ્રી આર. બી. ઝાલા, સીટી એન્જીનીયરશ્રી કામલીયા, દોઢિયા, ટાઉન પ્લાનીંગ અધિકારીશ્રી સાગઠીયા, શ્રી ગોહિલ, આરોગ્ય અધિકારી ડૉ. વાજા, ચીફ ઓડીટર શાહ, આસી. કમિશનરશ્રી હર્ષદ પટેલ, શ્રી કગથરા, શ્રી ધડુક, શ્રી વાસંતીબેન પ્રજાપતિ, પાર્કસ એન્ડ ગાર્ડનના ડાયરેક્ટરશ્રી હાપલીયા, પર્યાવરણ અધિકારીશ્રી નીલેશ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેર શ્રી પ્રજેશ સોલંકી, શ્રી વલ્લભ જીંજાળા, ચીફ ફાયર ઓફિસરશ્રી ઠેબા, પી.એ.ટુ મેયરશ્રી કેતનભાઇ હિંડોચા, પી.એ.ટુ. ચેરમેન સ્ટેન્ડિંગ કમિટીશ્રી રાણપરા, પી.એ. ટુ




પૂર્વ ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, વિપક્ષ નેતાશ્રી વશરામભાઈ સાગઠીયા, દંડકશ્રી અજયભાઈ પરમાર, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કોર્પોરેટરશ્રી મનીષભાઈ રાડીયા, શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી પરેશભાઈ પીપળીયા, શ્રી જયમીનભાઈ ઠાકર, શ્રી નીતિનભાઈ રામાણી, શ્રી રાજુભાઈ અઘેરા, શ્રી હિરલબેન મહેતા, શ્રી રૂપાબેન શીલુ, શ્રી મીનાબેન પારેખ, ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી કમિશનરશ્રી રવિન્દ્રસિંહ ચુડાસમા, આસી. મેનેજરશ્રી અમિત ચોલેરા, શ્રી હરેશ લખતરીયા, કાથરોટીયા, ડાયરેક્ટર શ્રી આઈ. ટી. ગોહેલ, પી.આર.ઓ. શ્રી ભુપેશ રાઠોડ, પ્રોજેક્ટ ઓફિસરશ્રી ભૂમિબેન પરમાર, પી.એ. ટુ ડે.મેયરશ્રી હસમુખ વ્યાસ તેમજ પોલીસ તથા ફાયર બ્રિગેડના જવાનો, કોરોના વોરિયર્સ તેમજ જુદા જુદા વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયાએ જહેમત ઉઠાવેલ.





# મેયરશ્રી બિનાબેન આચાર્યનો શુભેચ્છા સંદેશ

ભારતના ૭૪માં સ્વતંત્રતા પર્વની સૌ રાજકોટવાસીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવનારા પ્રત્યેક વીર શહીદ તથા અન્ય તમામ નામીઅનામી ક્રાંતિકારીઓને નતમસ્તક વંદન કરૂછું.

આપણે સૌ જાણીએ છીએ કે, સમગ્ર વિશ્વ આજે કોરોના વાયરસના સંક્રમણ સામે ઝઝૂમી રહ્યું છે. આવા કપરા સંજોગોમાં ભારત અને ગુજરાત રાજ્ય પણ પોતાની આગવી સુઝબુઝ અને ખુમારી સાથે આ મહામારીનો સામનો કરી રહ્યું છે. કોરોનાને મહાત આપવા રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રાત–દિવસ કાર્ય કરી રહેલ છે. તાજેતરમાં જ I.I.M.ના સર્વે મુજબ કોરોનાની મહામારીમાં મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વવાળી સરકાર દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવેલ છે. જે આપણે સૌ જાણીએ છીએ. તેમજ કોરોના માટે અનેક સામાજીક નિર્ણયો કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકાએ પણ નાગરિકોના સહયોગ સાથે આ આપત્તિનો મુકાબલો કરવા સરકારશ્રી ના માર્ગદર્શન અને સહયોગની મદદથી પોતાની પુરી તાકાત કામે લગાડી દીધી છે. આ કપરા કાળમાંથી સૌ ઝડપથી બહાર આવે અને જનજીવન સામાન્ય બને તે માટે સરકારશ્રી સતત પ્રયાસ કરે છે. આ એવો સમય છે જેમાં સૌએ એકસાથે મળીને કોરોનાની ઝંઝીર તોડી તેમાંથી આઝાદ થવાનું છે; અને મને વિશ્વાસ છે કે આપણે કોરોના સામેનો આ જંગ પણ જીતીને જ રહીશું. કોરોના મહામારીમાં આરોગ્ય કર્મીઓ, પોલીસ કર્મીઓ, કલેકટર કચેરી, મહાનગર– –પાલિકા અને અન્ય કચેરીના કર્મીઓ કામગીરી કરી રહેલ છે તેઓને તેમજ શહેરની સામાજીક સંસ્થાઓએ લોકડાઉન દરમ્યાન જે કામગીરી કરી છે તે તમામને બિરદાવું છું અને શુભેચ્છા પાઠવું છું.

હાલના પડકારરૂપ સંજોગોમાં પણ જનજીવન ધબકતું રહે અને શહેરની વિકાસ યાત્રા અને પ્રગતિ અવિરત આગળ ધપતી રહે તે માટે સરકારશ્રીના આર્થિક સહયોગ સાથે રાજકોટ મહાનગરપાલિકા જનહિતમાં અનેક યોજનાઓ અને વિકાસ કાર્યોને વેગ આપવા પણ સતત પ્રયાસો કરી રહી છે. તેમાં સરકારશ્રી દ્વારા શહેરી ફેરિયાઓ, નાના–મોટા વેપારીઓ માટે આત્મનિર્ભર ગુજરાત યોજના, ગરીબ અને મધ્યમ વર્ગને વિનામૂલ્યે અનાજ, વિજળી બીલમાં રાહત, મિલકત વેરામાં રાહત સહિતના પગલાઓ પણ લેવામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ શહેરના ફેરિયા ભાઈ–બહેનો એક જ જગ્યા પર સમુહમાં વેપાર કરી શકે તેવા ઉમદા હેતુથી જુદા જુદા વિસ્તારોમાં હોકર્સ ઝોન બનાવવામાં આવેલ છે. હયાત હોકર્સ ઝોનને પણ વિવિધ સુવિધા સાથે તબક્કાવાર આધુનિક બનાવવામાં આવી રહ્યા છે. વિશેષમાં કોરોના મહામારીને કારણે લોકડાઉન દરમ્યાન હોકર્સ ઝોનના ફેરિયાઓના ધંધા રોજગાર બંધ હોવાથી આવા નાના વર્ગના ફેરિયાઓને લોકડાઉન દરમ્યાનનું એટલે કે 03 માસનું ભાડું માફ કરેલ છે.

તાજેતરમાં જ રાજ્ય સરકારશ્રીએ જુન–૨૦૨૦માં માધાપર, મોટા મવા, ઘંટેશ્વર અને મુંજકાને રાજકોટમાં ભેળવવાનો નિર્ણય કર્યો છે. સ્વાભાવિક રીતે જ આ ગામોના નાગરિકોના જીવનમાં પણ હવે વિકાસલક્ષી પરિવર્તન આવશે અને ઉત્તરોત્તર પ્રગતિની અનુભૂતિ પણ થશે. રાજકોટ મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર અને જવાબદારીમાં વધારો થયો છે. અલબત્ત મનપાને કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી તરફથી મળી રહેલા સંપૂર્ણ સહયોગ તેમજ રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સવિશેષ સંવેદના અને કાળજીથી આપણું સ્માર્ટ રાજકોટ વિકાસ પથ પર ખુબ ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે. વિશેષમાં ગત ૨જી ઓગસ્ટના રોજ માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી અર્બન ફોરેસ્ટ ખાતે વૃક્ષારોપણ અને સાંસ્કૃતિક વનનું ઉદ્ઘાટન કરવામાં આવેલ. અર્બન ફોરેસ્ટની ૧૫૭ એકર જમીન રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકા ને ફાળવવામાં આવેલ છે. જેમાં ૪૭ એકર જમીનમાં ૫૫,000થી વધુ સંખ્યામાં જુદી જુદી જાતના વૃક્ષો વવાશે. તેમજ સાંસ્કૃતિક વનમાં તીર્થંકર વન, નક્ષત્ર વન અને રાશી વન માનવ જીવનને ઉપયોગી થાય તે રીતે વિકસિત કરાશે. આ ઉપરાંત રૂ.૭.૬૯ કરોડના ખર્ચે અર્બન ફોરેસ્ટ ડેવલપ કરવાનું મંજુર કરવામાં આવેલ છે. અયોધ્યામાં ૫ મી ઓગસ્ટે માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે ભગવાનશ્રી રામના ભવ્યાતી ભવ્ય મંદિરનો શિલાન્યાસ થનાર હતો ત્યારે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ અર્બન ફોરેસ્ટને શ્રી રામ વન નામકરણ જાહેર કરી રાજકોટને પણ એક અનુપમ યાદગીરીની ભેટ આપી છે. આગામી સમયમાં રાજકોટના નગરજનોને એક ભવ્ય નજરાણું મળશે.

આપ સૌ વાકેફ છો કે, માન. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ શહેરને વિવિધ ક્ષેત્રોમાં અનેક પ્રોજેક્ટની ભેંટ આપી છે. એક સમયે જળ કટોકટીને કારણે યાદ કરાતું રાજકોટ આજે પીવાના પાણીની સમસ્યામાંથી મુક્ત થઇ ચૂક્યું છે. એવી જ રીતે શહેરનો લગભગ હિસ્સો ભૂગર્ભ ગટર પ્રોજેક્ટમાં આવરી લેવાયો છે અને નવા વિસ્તારોમાં આવશ્યકતા અનુસાર આ પ્રોજેક્ટ આગળ ધપાવવામાં આવી રહયો છે.

રાજકોટના જ પનોતા પૂત્ર, રાજકોટ મહાનગરપાલિકાનાં પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પૂર્વ મેયર અને આપણા લોકલાડીલા એવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટને 'સૌની યોજના' હેઠળ જળાશયોમાં નર્મદા નીર, અનેક આવાસ યોજનાઓ, અનેક ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અર્બન ફોરેસ્ટ, આઈ–વે પ્રોજેક્ટ, રેસકોર્ષ–૨, કે પછી મહાત્મા ગાંધી મ્યુઝીયમની ભેંટ હોય, કે ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ, મોર્ડન બસ પોર્ટ સહિતના વિકાસ કામો સાથે સેવા સેતુ જેવા કાર્યક્રમો થકી નાગરિકોને ઘર આંગણે સરકારની વિવિધ સેવાઓ પૂરી પાડી સરકારશ્રીની પ્રજાજનો પ્રત્યેની સંવેદનશીલતાની પ્રતીતિ કરાવેલ છે.

દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત લોકલ થી વોકલ બનાવવાનો સંકલ્પ કરેલ છે ત્યારે આજના આ રાષ્ટ્રીય પાવન પર્વ પ્રસંગે આપણે સૌ આત્મનિર્ભર ભારત બનાવવા કટીબદ્ધ થઈએ.

આંતરરાષ્ટ્રીય સ્તરના આર્થિક અભ્યાસ અહેવાલ અનુસાર ૨૦૧૯ થી ૨૦૩૫નાં સમયગાળા દરમ્યાન સમગ્ર દુનિયામાં ભારતના જે ૧૦ શહેરો સૌથી ઝડપી વિકાસ કરવાના છે તેમાં રાજકોટ પણ સામેલ છે. આર્થિક વિકાસની સાથોસાથ આપણું શહેર સામાજીક વિકાસમાં પણ અગ્રસ્થાને રહે તે ઈચ્છનીય છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ હાલ દેશમાં ટોપ ટેન શહેરોમાં સામેલ રાજકોટ શહેરને આપણે સૌ સ્વચ્છતા અંગે જાગૃતિ દાખવી રાજકોટને પ્રથમ સ્થાને લઇ જવાનો દ્રઢ સંકલ્પ કરીએ.

વિશેષમાં તાજેતરમાં જ અયોધ્યા ખાતે હિન્દુઓના આરાધ્ય દેવ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે ભૂમિ પૂજન થયું ને ભારતના ઈતિહાસમાં વધુ એક ગૌરવપૂર્ણ સોનેરી પૃષ્ઠ આલેખવામાં આવ્યું. ગત સાલ, દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માન. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાષ્ટ્રના ઈતિહાસમાં એક નવો ઐતિહાસિક અધ્યાય આલેખ્યો ને કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫–એ ની કલમ નાબુદ થઇ ગઈ.

જ્યાં માનવી, ત્યાં સુવિધાનાં સંકલ્પ સાથે છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધા મળે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે ડામર પેવર રસ્તાઓ, ડ્રેનેજ, આરોગ્યલક્ષી સેવાઓ, સીટી બસ સેવા, ડોર ટુ ડોર કચરાનું કલેક્શન, ડી.આઈ. પાઈપલાઈન, ગરીબોને રોજી રોટી મળે તે માટે હોકર્સ ઝોન, બગીચાઓ, બાળક્રીડાંગણ સહિતના અનેક કામો કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ શહેર સૌના સહયોગથી સ્વચ્છતાની દિશામાં પણ આગળ વધી રહી છે. ત્યારે આ પાવન રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સૌ નગરજનોને હું અપીલ કરું છું કે, શહેર કાયમ માટે સ્વચ્છ રહે અને આ પ્રકૃતિને આપણી જીવનશૈલીનો એક અભિન્ન હિસ્સો બનાવીએ. વિશેષમાં આપણું શહેર સ્માર્ટ સીટી બને તે માટે સૌના સહિયારા પ્રયાસથી શહેર અનેક સિદ્ધિ, અનેક ઊંચાઈ પ્રાપ્ત કરશે તેવી મને શ્રધ્ધા છે.

અંતમાં, ફરી એકવાર સૌને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા આપું છું.

વર્તમાન મહામારીમાં સતર્ક રહીએ અને કોરોનાને મહાત કરીએ....એવી શુભકામના સાથે મારી વાતને વિરમ આપું છું.

**ભારત માતા કી જય...**
**વંદેમાતરમ્..**



# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનેલી ભારતનગર-7B PPP આવાસ યોજના માટે રામનપાને ELETS HOUSING AWARD




રાજકોટ મહાનગરપાલિકાએ સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોના રીડેવલપમેન્ટ માટે PPP પોલીસી ૨૦૧૩ અંતર્ગત શહેરમાં આવેલ ઝુપડપટ્ટી વિસ્તારોને PPP ધોરણે વિકસાવવા માટે નીતિ ઘડવામાં આવેલ છે. આ પોલીસી અંતર્ગત ભારતનગર સ્લમ વિસ્તારને રીડેવલપ કરી નવી અનેક સુવિધાઓથી સુસજ્જ એવી આવાસ યોજના તૈયાર કરવામાં આવેલી છે. આ આવાસ યોજના માટે રાજકોટ મહાનગરપાલિકાને ELETS HOUSING AWARD મળેલ છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.


તા. ૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમ્યાન ઓનલાઈન યોજાયેલી ELETS NATIONAL HOUSING SUMMITમાં રાજકોટ મહાનગર––પાલિકાને આ એવોર્ડ આપવામાં આવી રહેલ છે.


પ્રધાનમંત્રી આવાસ યોજનાઓના વિવિધ ઘટકો પૈકી AHP ઘટક અંતર્ગત હાલ સુધીમાં આશરે ૨૨,000 આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં સમાજના ઓછી આવક ધરાવતા તેમજ મધ્યમવર્ગીય સહીત દરેક વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત BLC અંતર્ગત ૧૨૦૦ અને CLSS અંતર્ગત આશરે ૧૪,000 લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે તેમજ ઝુપડપટ્ટી પુનઃવસન PPP યોજના અંતર્ગત હાલ સુધીમાં આશરે 3000 આવાસોનું પ્લાનિંગ કરવામાં આવેલ. જે પૈકી ૬૪૫ આવાસોનું લોકાર્પણ કરીને લાભાર્થીઓને આવાસોની સોપણી કરવામાં આવેલ છે.

સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોના રીડેવલપમેન્ટ માટે PPP પોલીસી ૨૦૧૩ અંતર્ગત શહેરમાં આવેલ ઝુપડપટ્ટી વિસ્તારોને PPP ધોરણે વિકસાવવા માટે નીતિ ઘડવામાં આવેલ છે. આ પોલીસી અંતર્ગત ભારતનગર સ્લમ વિસ્તારને રીડેવલપ કરવા માટે નિયત સત્તા મંડળ દ્વારા નિર્ણય લઈને ડેવલપરની નિમણુક કરી ડેવલપર દ્વારા ટી.પી. સ્કીમ નં ૨૮ (મવડી) ની સરકારશ્રીની માલિકીના ફાઈનલ પ્લોટ નં ૪૯/૧ અને રાજકોટ મહાનગર––પાલિકાના SEWS માટે આરક્ષિત પ્લોટ નં ૪૯/ઇ તથા કોમર્શીયલ માટે આરક્ષિત ૪૯/ઈ આમ કુલ ૩ પ્લોટમાં રહેલ ઝુપડપટ્ટીને દુર કરી તેનો સમાવેશ પ્લોટ નં ૪૯/૧ માં કરીને પ્લોટ નં ૪૯/ઇ તથા ૪૯/ઈ ને ફરતે કમ્પાઉન્ડ વોલ કરી રાજકોટ મહાનગરપાલિકાને પરત આપવામાં આવેલ છે.

આ ઉપરાંત ડેવલપર દ્વારા રૂા.૩૮.૪૩ કરોડનુ માતબર પ્રીમીયમ રાજકોટ મહાનગરપાલિકાને આપવામાં આવેલ છે. ભારતનગર સ્લમ વિસ્તાર માટે PPP ધોરણે આવાસ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજના અંતર્ગત રૂા.૩૪.૫૫ કરોડના ખર્ચે ૩૧૪ આવાસો અને ૨૦ દુકાનોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ઝુપડપટ્ટી વિસ્તાર માં રહેતા લાભાર્થીઓને તે જ જગ્યાએ પોતાની માલિકીનું, બે બેડરૂમ હોલ, કિચન સહિતનું માલિકી હક્ક સાથેનું ઘરનું ઘર વિનામૂલ્યે આપવામાં આવેલ છે અને જ્યાં સુધી બાંધકામની કામગીરી ચાલુ રહેલ ત્યાં સુધી દર માસ રૂા.૩૫૦૦ ઘર ભાડું આપવામાં આવેલ. આ આવાસ યોજનામાં G+6 પ્રકારનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં સોસાયટીમાં કોમન પ્લોટ, ગાર્ડન, લીફ્ટ, પીવાના પાણી તેમજ ભૂગર્ભ ગટર, આંતરિક લાઈટો વિગેરે સુવિધાઓ આપવામાં આવેલ છે. આવાસ યોજનાની કામગીરી મ્યુનિ. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સિટી એન્જિનિયર (સ્પે.) શ્રી અલ્પના મિત્રા અને તેમના હાઉસિંગ ડીપાર્ટમેન્ટના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.






| RANK | CITY NAME | SCORE |
|---|---|---|
| #1 | Indore | 5647.56 |
| #2 | Surat | 5519.59 |
| #3 | Navi Mumbai | 5467.89 |
| #4 | Vijayawada | 5270.32 |
| #5 | Ahmedabad | 5207.13 |
| #6 | Rajkot | 5157.36 |
| #7 | Bhopal | 5066.31 |




# સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦માં રાજકોટ શહેર છઠ્ઠા ક્રમે

ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન શરૂ કરવામાં આવે છે. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત દર વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ ભારતના દરેક શહેરમાં હાથ ધરવામાં આવે છે. આ વખતે તા.૨૦-૦૮-૨૦૨૦ના રોજ કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૦ અન્વયે જાન્યુઆરી-૨૦૨૦ માં દેશના ૪૨૪૨ શહેરોમાં ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવેલ. જેમાં દેશમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં રાજકોટ શહેર છઠ્ઠા ક્રમે તથા રાજ્યમાં ત્રીજા ક્રમે આવેલ છે. ગત સાલ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૯માં રાજકોટ શહેર નવમાં ક્રમે હતું ત્યાંથી ત્રણ સ્થાનનો જમ્પ લગાવી વર્તમાન વર્ષમાં છઠ્ઠા ક્રમે પહોંચ્યું છે. આ ઉપરાંત રાજકોટ શહેરે સ્વચ્છતાની બાબતમાં પોતાનું સારું પરફોર્મન્સ સતત જાળવી રાખેલ હોઈ ભારત સરકારશ્રી દ્વારા રાજકોટને બેસ્ટ સેલ્ફ સસ્ટેઈનેબલ બીગ સિટી એવોર્ડ પણ આપવામાં આવેલ છે. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ ના કુલ-૬૦૦૦ માર્ક્સ હતા. જેના સર્વિસ લેવલ પ્રોગ્રેસ-૧૫૦૦ માર્કસ, સીટીઝન ફીડબેક-૧૫૦૦ માર્ક્સ, ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન-૧૫૦૦ માર્ક્સ અને સર્ટીફિકેશન-૧૫૦૦ માર્ક્સ એમ કુલ ૪ ભાગમાં વહેંચવામાં આવેલ. જેમાં રાજકોટને કુલ ૫૧૫૭.૩૬ માર્ક્સ મળેલ છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત તા.૨૦-૮-૨૦૨૦ના રોજ ભારત સરકારશ્રી દ્વારા વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી સ્વચ્છ મહોત્સવ પુરસ્કાર સમારોહ યોજવામાં આવેલ. આ સમારોહમાં કેન્દ્રના અર્બન અને હાઉસિંગ વિભાગના માન.મંત્રીશ્રી હરદીપસિંહ પૂરીએ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ના રેન્કિંગ અને એવોર્ડની ઘોષણા કરી હતી. આ અવસરે રાજકોટ વતી મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ડે. કમિશનર શ્રી બી. જી. પ્રજાપતિ, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા અને પર્યાવરણ ઈજનેરશ્રી નિલેષ પરમાર વિગેરે જોડાયા હતા. રાજકોટ શહેરને છઠ્ઠું સ્થાન મળ્યું છે તથા કેન્દ્ર સરકાર દ્વારા બેસ્ટ સેલ્ફ સસ્ટેઈનેબલ બીગ સિટી એવોર્ડ પણ રાજકોટને આપવામાં આવેલ છે.

સ્વચ્છ મહોત્સવ પુરસ્કાર સમારોહ-૨૦૨૦માં રાજકોટ મહાનગર--પાલિકામાંથી મેયરશ્રી બીનાબેન આચાર્ય, મ્યુનિસીપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, સેનીટેશન ચેરમેન શ્રી, નાયબ કમિશનરશ્રી, પર્યાવરણ ઈજનેરશ્રી હાજર રહેલ.

મ્યુનિ.કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવામાં શહેરીજનોએ રાજકોટ મહાનગરપાલિકાને જે સહયોગ આપ્યો છે તે સરાહનીય રહયો છે અને આગામી દિવસોમાં પણ આપણું રંગીલુ રાજકોટ શહેર સ્વચ્છ અને સુંદર બની શકે તે માટેના પ્રયાસોમાં સૌ કોઈ નાગરિક પોતાની નૈતિક ફરજ સમજીને સતત યોગદાન આપતા રહેશે. તેવી જાહેર અપીલ કરી છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત રાજકોટ શહેરને છઠ્ઠો ક્રમ અને એવોર્ડ મળવા બદલ મેયરશ્રી બિનાબેન આચાર્યએ સફાઈ સૈનિકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ



**કોરોના સામે જંગ**

# તમામ વોર્ડના વોર્ડ પ્રભારીશ્રીઓ, આરોગ્ય અધિકારીશ્રી, હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરશ્રીઓ સહિતના સ્ટાફો સાથે સમીક્ષા અંગે મીટિંગ યોજતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

શહેરમાં સંક્રમણ રોકવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને ખાસ વોર્ડ પ્રભારીશ્રી અને આરોગ્ય શાખાના તમામ સ્ટાફ દ્વારા અવિરત કામગીરી થઈ રહી છે. જેના ભાગરૂપે તા.૪–૮–૨૦૨૦ના રોજ મહાનગરપાલિકા ની સેન્ટ્રલ ઝોન કચેરી, કોન્ફરન્સ હોલમાં સવારે ૦૮:૦૦ વાગ્યે તમામ વોર્ડના વોર્ડ પ્રભારીશ્રી, આરોગ્ય અધિકારી શ્રી લલિત વાંજા, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ પંકજ રાઠોડ, ડૉ. ચુનારા, ડૉ. હાર્દિક મહેતા અને RCHO શ્રી ડૉ. ભૂમિ કમાણી તેમજ શહેરના તમામ હેલ્થ સેન્ટરોના



મેડીકલ ઓફિસરશ્રીઓ સાથે બેઠક યોજી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે વોર્ડ વાઈઝ તેમજ હેલ્થ સેન્ટર વાઈઝ થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ મિટિંગમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ દરેક વોર્ડ વાઈઝ અને દરેક આરોગ્ય વાઈઝ થઈ કામગીરી અંગે સમીક્ષા કરી જરૂરી સુચના આપી હતી. શહેરમાં ધનવંતરી રથ બહુ સારી કામગીરી કરી રહ્યું જ છે અને આ રથ મારફત મહતમ સંખ્યામાં લોકોને આવરી લઈ તેઓને આ સેવાઓનો લાભ મળી રહે તે અંગે સુચનો કર્યા હતા.




# ઈન્ડિયા સાઈકલ ફોર ચેન્જ ચેલેન્જમાં રાજકોટ શહેરની પસંદગી

COVID-19ને કારણે વ્યક્તિગત પરિવહનના વિકલ્પોની આવશ્યક––તામાં વધારો થવાની ધારણા છે, જેમાં લોકડાઉનથી આવતા શહેરોમાં સાયકલના ઉપયોગમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળશે. રાજકોટમાં પણ પાછલા મહિનાઓમાં સાયકલના વેચાણમાં વધારો જોવા મળેલ છે.

શહેરને સાયકલ ફ્રેંડલી બનાવવા અને નાગરિકોને સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જની શરૂઆત કરવામાં આવેલ છે. આ ચેલેન્જમાં રાજકોટ સહીત શહેરોએ ભાગ લીધેલ છે. આ ચેલેન્જ તા. ૦૭–૦૮–૨૦૨૦ના રોજ અંતર્ગત શહેરને તેમના નાગરિકો સાથે જોડાઈ અને નિષ્ણાતોની મદદથી, સમગ્ર શહેરમાં સાયકલિંગને પ્રોત્સાહન આપવા માટેના પગલાં ભરવાના રહેશે. રાજકોટ સાયકલિંગ ને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લઈ રહ્યું છે, જેમાટે હવે નાગરિકો પાસેથી પણ સૂચનો મંગાવામાં આવેલ છે.

આ ચેલેન્જને લગતા કાર્ય કરવા માટે ટીમની રચના કરવામાં આવશે. આ ટીમ સર્વે તેમજ નાગરિકો સાથે સંવાદ કરીને શહેરમાં સુરક્ષિત રીતે સાયકલનો ઉપયોગ વધે તે માટેના વિવિધ કેમ્પેઈન અને પ્રતિયોગિતા યોજશે.

- **ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જ:**

ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જમાં ૨ સ્ટેજ હશે. પહેલા સ્ટેજમાં શહેરોમાં સાઇકલિંગને પ્રોત્સાહિત કરવા અને સ્કેલ–અપ વ્યૂહરચના વિકસાવવા માટે હસ્તક્ષેપો અને પ્રમોશનલ પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવશે. જે અંગેનો રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે, જેના આધારે ૧૧ શહેરોની પસંદગી કરવામાં આવશે અને પસંદગી પામેલ પ્રત્યેક શહેરને સ્ટેજ ૧ માં રજૂ કરેલી સ્કેલ–અપ યોજનાના અમલીકરણ અને સાયકલિંગને વધુ પ્રોત્સાહિત કરવા માટે ૧ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

- **નાગરિક પ્રતિભાવ :**


ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ અંતર્ગત રાજકોટ શહેર સાથે જોડાવા અને સૂચનો આપવા માટે ઈચ્છુક નાગરિક https://forms.gle/FRxBSvgvvdpK2DuTA લિંક પર પોતાના પ્રતિભાવ રજુ કરી શકે છે.

- **સાઈકલિંગથી મળશે અનેક ફાયદા:**

ટ્રાન્સ્પોર્ટેશન માટેનો એક સારો વિકલ્પ, પર્યાવરણના સંરક્ષણમાં ઉપયોગી થાય અને સાઇકલિંગ કરનારનું આરોગ્ય સારું રહે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ







## ફેરિયાઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે રૈયાધાર અને કિટ્ટીપરામાં પણ મનપા દ્વારા હેલ્થ કેમ્પ યોજાયા:

### છોટુનગરમાં સતત બીજે દિવસે ફેરિયાઓ માટે હેલ્થ કેમ્પ

### આ ત્રણેય કેમ્પમાં આજે કુલ ૧૫૩૨ લોકોનું સ્ક્રિનિંગ આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૬૧૩ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી ૦૬ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર અર્થે રીફર કરાયા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોરોનાનો ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે શાકભાજી વેંચતા ભાઇ–બહેનો કોરોનાના સુપર સ્પ્રેડર ન બને તે માટે આવશ્યક પગલાંઓના ભાગરૂપે તા.૧–૮–૨૦૨૦ ના રોજ સવારે છોટુનગર વિસ્તારમાં સતત બીજે દિવસે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત આજે રૈયાધાર અને કિટ્ટીપરા વિસ્તારમાં પણ ફેરિયાઓ વધુ સંખ્યામાં રહેતા હોય ત્યાં પણ હેલ્થ કેમ્પ યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં કુલ ૧૫૩૨ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૬૧૩ લોકોના ટેસ્ટ કરાયા જેમાંગી ૦૬ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા તેમને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે અને બાકીના ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

છેલ્લા બે આરોગ્ય અને અન્ય શાખાના અધિકારી / કર્મચારીઓ દ્વારા કુલ ૨૯૧૦ ફેરીયોનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે. જેમાંથી એ સ્પષ્ટ થયું છે કે મોટા ભાગના ફેરિયાઓ સ્વસ્થ છે. છેલ્લા બે દિવસમાં આ મેડીકલ કેમ્પના આયોજનો મારફત કુલ ૧૧ પોઝિટિવ કેસ શોધી તેઓના માધ્યમથી સંભવિત રીતે થનારા કોરોના વાઈરસના પ્રસારને અટકાવી શકાયો. સતત બીજે દિવસે છોટુનગર ખાતે કેમ્પમાં કુલ ૩૦૭ ફેરિયાઓનું સ્ક્રીનીંગ અને ૧૫૧ ફેરિયાઓમાં સામાન્ય લક્ષણ જણાતા તેમના ટેસ્ટ કરાતા હતા જે પૈકી ૧ (એક) કેસ પોઝિટિવ ધ્યાને આવેલ છે.

કિટ્ટીપરા ખાતે કેમ્પમાં કુલ ૨૨૩ ફેરિયાઓનું સ્ક્રીનીંગ અને ૧૦૯ ફેરિયાઓમાં સામાન્ય લક્ષણ જણાતા તેમના ટેસ્ટ કરાતા હતા જે પૈકી (એક) કેસ પોઝિટિવ નોંધાયેલ છે.

રૈયાધાર ખાતે કેમ્પમાં કુલ ૧૦૦૨ ફેરિયાઓનું સ્કીનીંગ અને ૩૫૩ ફેરિયાઓમાં સામાન્ય લક્ષણ જણાતા તેમના ટેસ્ટ કરાતા હતા જે પૈકી ૪ (ચાર) કેસ પોઝિટિવ નોંધાયેલ છે. આમ, ૬ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

આ કેમ્પ વિશે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, શાકભાજી વેંચનારા લોકોનો મોટો સમૂહ છોટુનગર ઉપરાંત કિટ્ટીપરા અને રૈયાધાર વિસ્તારમાં રહે છે. શાકભાજી વેંચવા માટે આ ફેરિયા ભાઈ–બહેનો શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતા હોય છે અને આ પ્રકારે ઘણા લોકોના આડકતરા સંપર્કમાં આવે છે.

શાકભાજીના માધ્યમથી તેઓ કોરોના વાયરસના સુપર સ્પ્રેડર ન જાય તેવા આશય સાથે તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરવાની ઝુંબેશ હાથ ધરાયેલી છે. આ હેલ્થ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાની મેડિકલ ટીમે ફેરીયાઓનું સ્વાસ્થ્ય કેવું છે તેની પ્રાથમિક થર્મલ સ્ક્રિનિંગ અને પલ્સ ઓક્સિમીટર વડે ચકાસણી કરવામાં આવેલ હતી.

## ફેરિયાઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે જ્યુબિલી શાક માર્કેટ, લલુડી વોંકળી (કેનાલ રોડ) અને રૈયાધાર ખાતે હેલ્થ કેમ્પનું આયોજન





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે શાકભાજી વેંચતા ફેરિયા ભાઇ–બહેનો કોરોનાના સુપર સ્પ્રેડર ન બને તે માટે આવશ્યક પગલાંઓના ભાગરૂપે તા.૨–૮–૨૦૨૦ ના રોજ જ્યુબિલી શાક માર્કેટ ખાતે અને તા.૩–૮–૨૦૨૦ના રોજ લલુડી વોંકળી (કેનાલ રોડ) ખાતે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત રૈયાધાર ખાતે આજે પણ ફેરિયાઓ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં કુલ ૧૫૨ લોકોનું સ્કિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૩૬ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી એક પણ કેસ પોઝિટિવ મળેલ નથી. તમામ ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

જ્યુબિલી શાક માર્કેટ ખાતેના કેમ્પમાં કુલ ૨૮૬ લોકોનું કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૨૧૨ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી ૧૧ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા તેમને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે અને બાકીના ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

લલુડી વોંકળી (કેનાલ રોડ) ખાતેના કેમ્પમાં લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૮૨ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી ૦૧ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા તેમને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે અને બાકીના ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

આ કેમ્પ વિશે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, શહેરમાં જે વિસ્તારોમાં ફેરીયાઓ વધુ પ્રમાણમાં રહે છે તેવા વિસ્તારોમાં મહાનગરપાલિકા દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરી કોરોના સંક્રમણને અટકાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. શાકભાજી વેંચવા માટે આ ફેરિયા ભાઈ – બહેનો શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતા હોય છે અને આ પ્રકારે ઘણા લોકોના આડકતરા આવે છે. શાકભાજીના માધ્યમથી તેઓ કોરોના વાયરસના સુપર સ્પ્રેડર ન બની જાય તેવા આશય સાથે તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરવાની ઝુંબેશ હાથ ધરાયેલી છે. આ હેલ્થ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાની મેડિકલ ટીમે ફેરીયાઓનું સ્વાસ્થ્ય કેવું છે તેની પ્રાથમિક થર્મલ સ્ક્રિનિંગ અને પલ્સ ઓક્સિમીટર વડે ચકાસણી આવેલ હતી.









# શહેરમાં બે દિવસથી સતત વરસી રહેલ વરસાદના કારણે આજી નદી પુર કારણે કાંઠા વિસ્તારમાંથી ૧૭૭૦ જેટલા સ્થળાંતર કરાવાયું

ભવાનીનગર, રામનાથ મહાદેવ, લલુડી વોંકળી અને જંગલેશ્વરની સ્થળ મુલાકાત લેતા મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડક શ્રી અજયભાઇ પરમાર, ફાયરબ્રિગેડના સ્ટાફ સાથે પોલીસ પણ સતત ખડે પગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ પોલીસ કમિશનરશ્રી સાથે સંકલન કરી તુરંત જ પોલીસ બંદોબસ્ત કરાવ્યો.

શહેરમાં બે દિવસથી સતત વરસાદ વરસી રહેલ છે. તેમજ નદીમાં પુરના કારણે આજી નદી કાંઠા વિસ્તારના લોકો મુશ્કેલીમાં ન મુકાય તે માટે જંગલેશ્વર અને ભવાનીનગર સહિતના કાંઠાના વિસ્તારના લોકોને ગઈકાલ સાંજથી જ માઈક દ્વારા એલર્ટ કરવાની સાથોસાથ વહેલી સવારે ૦૩:૦૦ વાગ્યાથી નીચાણવાળા લોકોનું જુદી જુદી સ્કુલોમાં સ્થળાંતર કરવાનું શરૂ હતું. તેઓ માટે બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ મધ્યાહન ભોજન મારફત જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આજે સવારથી જ મેયર શ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર તેમજ નાયબ કમિશનરશ્રીઓ સહિતના અધિકારી નીચાણવાળા વિસ્તારમાં સતત ખડે પગે રહ્યા હતા. વહેલી સવાર ૦૩:૦૦ વાગ્યાથી ૧૦:૦૦ વાગ્યા સુધીમાં આશરે ૧૭૭૦ જેટલા લોકોનું જુદી જુદી શાળાઓમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જેમાં ભવાનીનગર અને રામનાથપરામાંથી આશરે ૧૦૦૦ લોકો, જંગલેશ્વરમાંથી ૭૦૦ જેટલા લોકો તેમજ ભગવતીપરા અને રૂખડીયાપરામાંથી ૭૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાયું હતું.

સતત બે દિવસથી વરસી રહેલા એકધારા વરસાદને કારણે આજી ડેમ ઓવરફ્લો થયેલો છે. તેમજ નદીઓના નીર પણ આવતા આજી નદીમાં ભારે પુર આવેલ છે. મેયરશ્રી અને કમિશનરશ્રીએ વિશેષમાં જણાવેલ કે, ગઈકાલે રાત્રે પણ નદી કાંઠા વિસ્તારના રહેવાસીઓ જાગૃત રહે તે માટે ફાયરબ્રિગેડ દ્વારા સતત માઈક દ્વારા સતત એનાઉન્સ કરવામાં આવેલ તેમજ ત્યાં ખાતે સતત રાઉન્ડઅપ કરતા રહેલ.

વિશેષમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ ગઈકાલ સાંજથી ફાયરબ્રિગેડ અને પોલીસને એલર્ટ રહેવા જણાવેલ. તેમજ પોલીસ કમિશનરશ્રી સાથે વાત કરીને નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત મુકાવેલ. અધિકારી ફાયરબ્રિગેડ સ્ટાફ સતત નદી કાંઠા વિસ્તારમાં કાર્યકારી રહેલ છે. આજી નદીમાં પુરના કારણે કોઈ ઘટના ન બંને તે માટે તંત્રને એલર્ટ રાખવામાં આવેલ છે.

મેયરશ્રી બિનાબેન આચાર્ય અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ કે, રામનાથ મહાદેવ, ભવાનીનગર, જંગલેશ્વર એકતા કોલોની અને અન્ય નીચાણવાળા વિસ્તારો તેમજ ભગવતીપરા સહિતના એરિયામાંથી કુલ ૧૭૭૦ જેટલા લોકોને શાળા નં. ૭૦, ૪૩, ૧૦૦ અને મુસ્લિમ જમાતખાનામાં ખસેડવામાં આવેલ હતા.

આજે સવારે પદાધિકારીઓ સાથે નાયબ કમિશનરશ્રીઓ શ્રી ચેતન નંદાણી, શ્રી બી. જી. પ્રજાપતિ અને શ્રી એ. આર. સિંહ, સિટી એન્જી.શ્રી દોઢિયા, વિજીલન્સ અને સિક્યોરીટી વિભાગ, ડી.વાય.એસ.પી. શ્રી ઝાલા, ચીફ ફાયર ઓફિસરશ્રી બી. જે. ઠેબા, ડે.એન્જી.શ્રી પટેલીયા અને મુંધવા, ફાયર બ્રિગેડનાશ્રી શૈલેષભાઈ નડિયાપરા, શ્રી અશોકભાઈ, શ્રી ફિરોઝભાઈ વિગેરે તેમજ વોર્ડ ઓફિસરો શ્રી આરતી નિમ્બાર્ક, શ્રી સંચાણીયા સહિતના અધિકારીઓ સ્થળ વિઝીટમાં સાથે હતા.











# વોર્ડ નં. ૧૧માં વિવિધ સોસાયટીના પ્રતિનિધિશ્રીઓ સાથે કોરોના અવેરનેસ મીટીંગ

નાનામોવા આરોગ્ય કેન્દ્ર ખાતે વોર્ડ નં.૧૧ના નવા વિસ્તાર (અંબીકા ટાઉનશીપ) ના હાઈરાઈઝ બિલ્ડિંગ અને રહેણાક સોસાયટીના પ્રમુખશ્રીઓને તા.૭–૮–૨૦૨૦ ના રોજ કોરોના અવેરનેસ માટે આમંત્રિત કરેલ કરવામાં આવ્યા હતા. આ મીટીંગનો મુખ્ય હેતુ કોરોના અંગે જનજાગૃતિ અને સ્વ–સુરાક્ષા આવે એવો હતો.

આ મિટિંગમાં અંદાજે ૨૦ સોસાયટીના પ્રમુખશ્રીઓ ગોલ ટ્રાયોના શ્રી કિશનભાઈ કાલરીયા, સાનીધ્ય ગ્રીનના શ્રી ભરતભાઈ ટીલવા, ક્રિષ્ના એપાર્ટમેન્ટનાશ્રી ગીરીશભાઈ રાજપરા, ઓસમ એપાર્ટમેન્ટના શ્રી સેજલ સીતાપરા, તુલસી એપાર્ટમેન્ટના શ્રી સમીર કોરડીયા, શ્રી દર્શન એપાર્ટમેન્ટના શ્રી જીતુભાઈ ઘોડાસરા, ઓમ રેસીડેન્સીના શ્રી વિનુભાઈ ભાલારા, તુલસી–એના શ્રી અરવિંદભાઈ આસોદરીયા, શિવમ્ પાર્કના શ્રી રસિકભાઈ મુંગરા, શાંતિવન નિવાસના શ્રી મગનભાઈ વાછાણી, બ્લુબર્ડ એપાર્ટમેન્ટના શ્રી વલ્લભભાઈ સાકરીયા, વસંત વાટિકાના શ્રી રમણીકભાઈ મણવર, બ્લુબર્ડ એપાર્ટમેન્ટના શ્રી મોહનભાઈ ભાલોડીયા, કસ્તુરી એવીયરીના શ્રી મહેન્દ્રભાઈ ભુવા, ઈસ્કોન હાઈટના શ્રી અમૃતભાઈ કનેરિયા, રિવેરા હોમ એપાર્ટમેન્ટના શ્રી હાર્દિકભાઈ જાવીયા, કસ્તુરી કેસલના શ્રી મોહિતભાઈ ઘોડાસરા, શ્યામલના શ્રી પરસોત્તમભાઈ કાલાવડીયા, શાંતિવન પરિસરના શ્રી નરસિંહભાઈ રૂપાવટીયા, ગોલ કોઈનના શ્રી રમણીકલાલ જાગાણી હાજર રહ્યા હતા.

આ મિટિંગમાં આવેલ તમામ પ્રતિનિધિને વોર્ડ ઓફિસરશ્રી નીલેશભાઈ કાનાણીએ કોરોના સંદર્ભે જનજાગૃતિ કેળવવા અને કોરોના અંગેની પ્રાથમિક સમજણ આપી હતી.

ત્યારબાદ મેડીકલ ઓફિસરશ્રી ડૉ. નીશીતાબેન તરફથી કોરોના બાબતે બાળકો અને વૃધ્ધોએ શું સાવચેતી રાખવી તેમજ ખાસ પલ્સ–ઓક્સીમીટર અને ટેમ્પરેચર ગનના ઉપયોગ અંગે ડેમોસ્ટ્રેશન અને માહિતી આપી હતી.

વિશેષમાં વોર્ડ પ્રભારીશ્રી ભાવેશભાઈ જોશીએ તમામને તેઓની સોસાયટીમાં pulse oximeter અને ટેમ્પરેચર ગન વસાવવા અને વધુ સુરક્ષિત જાતે જ થવા સમજણ આપેલ તેમજ આગામી દિવસોમાં જન્માષ્ટમીના તહેવાર આવતા હોય વિશેષ તકેદારી રાખવા તથા સોશિયલ ડિસ્ટન્સ રાખવા અનુરોધ કર્યો હતો. સાનિધ્ય ગ્રીન, ઓમ રેસીડેન્સી અને શિવમ્ પાર્કના પ્રમુખશ્રીઓ તેમની સોસાયટીમાં pulse oximeter વસાવી ચેકીંગ ચાલુ કરાવી દીધા હતા, તેમને આ બદલ બિરદાવામાં આવ્યા હતા. તમામ પ્રમુખશ્રીઓને આ ચેકિંગ કાર્યવાહી ચાલુ કર્યા બાદ જો કોઈ વ્યક્તિને લક્ષણો દેખાય તો તાત્કાલીક આરોગ્ય કેન્દ્રની સુવિધાનો લાભ લેવા વિનંતી કરી હતી.

આ તકે સાનિદ્ય ગ્રીન સોસાયટીના પ્રમુખશ્રી ભરતભાઈ ટીલવાએ તેમના દ્વારા પોતાના એપાર્ટમેન્ટ તથા ઈન્ડસ્ટ્રીમાં રાખવામાં આવેલ વિશેષ સાવચેતી અને લીધેલ સુરક્ષિત પગલા અંગે તમામ ઉપસ્થિત સોસાયટીના પ્રમુખશ્રીઓને પોતાના અનુભવ ઉપરથી માર્ગદર્શન આપ્યું હતું.












# આજી રિવર ફ્રન્ટની યોજના હેઠળનું ઈન્ટરસેપ્ટર લાઈનનું કાર્ય ઝડપભેર પૂર્ણ કરવા અધીકારીઓને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની કડક સૂચના




હાલ કોરોના વાયરસના સંક્રમણના પ્રસારને રોકવાના પ્રયાસોના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પગલાંઓ આવી રહ્યા છે અને તંત્ર દિવસ રાત જોયા વગર આ મહામારી સામે કાર્ય કરી રહ્યા છે ત્યારે તેની સાથોસાથ શહેરમાં ચાલી રહેલા અન્ય વિકાસ કાર્યો પણ ઝડપભેર પરિપૂર્ણ થતા રહે તે માટે પણ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સતત ચિંતિતિ રહી અધિકારીઓ કાર્યની પ્રગતિની સમીક્ષા કરે છે. અજેના ભાગરૂપે તા.૪-૫-૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનરશ્રીએ આજી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આજી નદીમાં બંને કાઠે થઇ રહેલી ઇન્ટરસેપ્ટર લાઈન બીછાવવાની કામગીરી ની સમીક્ષા કરવા સ્થળ મુલાકાત કરી હતી. આ કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા કમિશનરશ્રીએ અધિકારીઓને કડક આપી હતી. આજી રિવર ફ્રન્ટના આ કાર્યની સાથોસાથ કમિશનરશ્રીએ સરકારશ્રી ‘અમૃત’ યોજના હેઠળ થઇ રહેલી પોપટપરા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનની મશીનરી અપગ્રેડ કરવાની હાલ ચાલી રહેલી કામગીરી પણ નિહાળી હતી અને સમયસર કામ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા વિશેષ ધ્યાન આપવા અધિકારીઓને સૂચના આપી હતી.

વિશેષમાં આજે વહેલી સવારથી જ મહામારી અંતર્ગત થઇ રહેલી કામગીરીની સમીક્ષા કરવા વહેલી સવારે ૮.૦૦ વાગ્યે વોર્ડ પ્રભારીશ્રીઓ, હેલ્પ સેન્ટરોના મેડિકલ ઓફિસરો સાથે બેઠક યોજી વોર્ડ વાઈઝ અને હેલ્થ સેન્ટર વાઈઝ કામોની સમીક્ષા કર્યા બાદ તુર્ત જ મ્યુનિ. કમિશનરશ્રીએ શહેરના વિવિધ પ્રોજેક્ટના હાલ ચાલુ કામોની સમીક્ષા કરવા માટે સાઈટ વિઝિટ શરૂ કરી હતી. જેમાં તેઓએ માધાપર ખાતે કાર્યરત્ત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કેમ્પસની વિઝિટ લઈ ત્યાં ૮૦ એમ.એલ.ડી. અને ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાના બે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કાર્ય નિહાળ્યું હતું. ૮૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ નવી ટેકનોલોજી આધારિત કામ કરે છે. કમિશનરશ્રીએ નવી અને જુની ટેકનોલોજી આધારિત બંને ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી નિહાળી હતી. ઉપરાંત અધિકારીઓ બંને પ્લાન્ટની કાર્ય ક્ષમતાની જાણકારી પણ મેળવી હતી.





કમિશનરશ્રીની સાઈટ વિઝિટ દરમ્યાન સિટી એન્જી. શ્રી એચ. યુ. દોઢિયા, ઈન્ચાર્જ સિટી એન્જી. શ્રી કે. એસ. ગોહેલ, પી.એ.(ટેક)ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી, ડેપ્યુટી એક્ઝી. એન્જી. શ્રી એચ. એન. શેઠ, શ્રી આઈ. યુ. વસાવા અને શ્રી એ .જી. પરમાર વગેરે અધિકારીઓ અને કર્મચારીઓ હાજર હતા.







# સેન્ટ્રલ ઝોનના ESR-GSR અને PSની મુલાકાત કરતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ : ચાલુ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરવા સુચના

શહેરના ત્રણેય ઝોન ખાતે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે આજે તા. ૨૮–૦૮–૨૦૨૦ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં ESR-GSR અને PSની કરી હતી, જેમાં જિલ્લા ગાર્ડન હેડ વર્કસ ખાતે અમૃત યોજના હેઠળ નિર્માણાધીન નવા ESR-GSR અને PS, ગુરૂકુળ હેડ વર્કસ ખાતેના મટીરીયલ લેબોરેટરી પરીક્ષણની તેમજ ESR-GSR અને PS અને જયુબેલી હેડ વર્કસ ખાતેના ESR-GSR અને PS, શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ, લેંગ લાઈબ્રેરી અને જયુબેલી ગાર્ડન, નર્સરીની મુલાકાત કરી હતી, અને પ્રોજેક્ટના કાર્યો સમયસર ઝડપી પૂર્ણ કરવા સુચના આપી હતી. તમામ સ્થળોની વિઝીટ સમયે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સાથે સિટી એન્જી. શ્રી એમ. આર. કામલીયા પી.એ. (ટેક.) ટુ કમિશનર શ્રી આર. આર. રૈયાણી, ડાયરેકટશ્રી ગાર્ડન અને પાર્કસ ડૉ. કે. ડી. હાપલીયા, નાયબ એક્સી. એન્જી. શ્રી ગોપાલ સુતરીયા, શ્રી કિશોર દેથારીયા, શ્રી પટેલીયા, શ્રી વસાવા તેમજ એ.એ.ઈ. શ્રી પિયુષ દવે તેમજ સંબંધિત સ્ટાફ હાજર રહ્યા હતા.



વિઝીટ દરમ્યાન મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જિલ્લા ગાર્ડન ખાતે અમૃત યોજના હેઠળ નિર્માણાધીન નવા ESR-GSR અને PSની કામગીરીનું નિરીક્ષણ કરી ઝડપથી કામ પૂરું કરવા તેમજ D.I. પાઈપલાઈનના કાર્ય ઝડપથી પૂર્ણ કરવા પણ સુચના આપી ત્યાં જ ડૉ. આંબેડકર સ્મારક અને લાઈબ્રેરીની પણ વિઝીટ કરી હતી.

ગુરૂકુળ હેડ વર્કસ ખાતેની વિઝીટ દરમ્યાન ESR-GSR અને PSની મુલાકાત તેમજ નવું આધુનિક મટીરીયલ ટેસ્ટીંગ બિલ્ડીંગ બનાવવાની કામગીરી ઝડપી આગળ ધપાવવા સુચના આપેલ હતી.

જયુબેલી ગાર્ડન ખાતે મ્યુનિ. કમિશનરશ્રીની મુલાકાતમાં ESR-GSR અને PSને સ્ટ્રેન્પેનીંગ કરવા સુચના આપી જેનાથી પાણી લીકેજની સમસ્યા હલ થઈ જશે તેમજ લેંગ લાઈબ્રેરી, મણીયાર હોલ, જયુબેલી ગાર્ડન અને નર્સરીની પણ તેમણે વિઝીટ કરી હતી. મણીયાર હોલને રીનોવેશન કરવા અંગેની કામગીરી ઝડપથી આગળ ધપાવવા સુચના આપી હતી.










## રાજકોટ દ્વારા તા.૨૭-૦૮-૨૦૨૦ના રોજ કોરોના મહામારી અંતર્ગત

# ત્રણ ૧૦૪ સેવા રથનો પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ દ્વારા શુભારંભ

## લડેગા રાજકોટ, જીતેગા રાજકોટ ઓડિયો ગીતનું લોન્ચિંગ તેમજ ધનવંતરી રથ, સંજીવની રથ અને આજે વિશેષ ૧૦૪ સેવા રથ કાર્યરત કરાયા

104
HEALTH HELPLINE
INFORMATION • ADVICE • COMPLAINTS

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં કોરોના રોગના સર્વેલન્સી નિદાન તથા સમયસર અને અટકાયતી પગલાના ભાગરૂપે ૧૦૪ સેવા રથનો નવો અભિગમ ચાલુ કરેલ છે. જે અન્વયે રાજકોટ શહેરમાં ત્રણ ૧૦૪ સેવા રથ કાર્યરત કરેલ છે અને લોન્ચિંગ કરેલ છે, જેનું તા.૨૭–૮–૨૦૨૦ ના રોજ માન. મેયરશ્રી બીનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનીષભાઈ રાડીયા, સેનિટેશન ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા તથા કોર્પોરેટરશ્રી નીતિનભાઈ રામાણી વિગેરેના વરદ્ હસ્તે ફ્લેગ આપી શુભારંભ કરાયેલ. કોર્પોરેશન દ્વારા જાહેર સ્વાસ્થ્યના હિતમાં આજથી શરૂ કરવામાં આવેલ ૧૦૪ સેવા રથની સેવા નાગરિકો માટે વર્તમાન સમયમાં ખુબ આશીર્વાદરૂપ પુરવાર થશે તેમ સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ જણાવ્યું હતું.

જો કોઈ વ્યક્તિને કોરોના અંગેના લક્ષણો જણાયે સરકારી હેલ્પ હેલ્પલાઈન નં. ૧૦૪ માં ફોન કરે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે–તે વ્યક્તિને ઘરે જઈને ચેકઅપ કરવામાં આવે છે. આ સેવાનો લોકો વધુને વધુ લાભ મેળવે તે માટે રાજકોટ મહાનગરપાલિકા આજે ત્રણ ૧૦૪ સેવા રથ લોકોની સેવામાં કાર્યરત કરેલ છે. આ રથમાં મેડીકલ ટીમ જરૂરી દવા સાધન સામગ્રી સાથે કામગીરી કરશે. આ કામગીરીનો હેતુ માહિતી અને સલાહ આપવાનો છે. રાજકોટ શહેરમાં સરકારી હેલ્પ હેલ્પલાઈન ૧૦૪ ની આવતી ફરિયાદોનું ટીમ દ્વારા ઘરે મુલાકાત લઈ પ્રાથમિક આરોગ્ય તપાસ કરી સારવાર ઘર આંગણે જ આપવામાં આવશે. જો વધુ ગંભીર લક્ષણો જણાયે તેનું ટેસ્ટીંગ પણ કરાશે અને જરૂરી જણાશે તો વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર પણ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયમિત ૧૦૪ સેવા રથનું મોનીટરીંગ કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોનાની સર્વેલન્સી, સારવાર તથા નિદાનની કામગીરી ધનવંતરી રથનો લોકો વધારે લાભ લે તથા બહોળો પ્રચાર થાય તે માટે ધનવંતરી રથ પર લડેગા રાજકોટ, જીતેગા રાજકોટ ગીતનું લોન્ચિંગ પણ આજે કરવામાં આવેલ છે.

આ લોકજાગૃતિ ગીતનું દરેક રથમાં માઈક દ્વારા પ્રસાર કરવામાં આવશે સાથે કોરોનાની માહિતી પણ ઓડિયો ક્લીપ દ્વારા આપવામાં આવશે. આ લડેગા રાજકોટ, જીતેગા રાજકોટ ઓડિયો ક્લીપ ગેલેક્સી એજ્યુકેશન સીસ્ટમ ગ્રુપના કિરણભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અંકુરસર અને રાજીવસરે નિઃશુલ્ક બનાવી રાજકોટ શહેરની જનતાને સમર્પિત કરેલ છે.



